


# ચીનની વેપાર દ્રષ્ટિ અને ભારત સાથેના મૈત્રીય સંબંધોની વિષમતાઓ : વિકાસ અને વિડંબણાઓ



એક જમાનો હતો જ્યારે અમદાવાદના વેપારીઓ ચીન સાથે રેશમ અને અફીણનો વેપાર કરતા હતા અફીણ માળવાથી આવતુ અને ચીન જતુ એ અફીણમાંથી કમાયેલા પૈસા દ્વારા અમદાવાદ સમૃધ્ધ થયુ હતુ.

ભારત અને ચીન વચ્ચે ઘણી સામ્યતાઓ છે. બંને દેશ પ્રાચીન સંસ્કૃતિ ધરાવે છે. ભારતમાં જન્મેલા બૌધ્ધ ધર્મનો પ્રચાર ચીનમાં થયો બંને દેશોના બૌધ્ધ ધર્મીઓની ઘણી મોટી સંખ્યા છે. ભારતે શૂન્યની શોધ કરી તો ચીને કાગળ અને ફટાકડાની શોધ કરી. ભારતની વસતી ૧,૨૧,૦૧૯૩૪૨૨ની છે. તો ચીનની વસ્તી ૧,૩૩,૯૭,૨૪,૮૫૯ની છે. ભારતનું ક્ષેત્રફળ ૩૨,૮૭,૨૪૦ ચોરસ કિલોમીટર છે તો ચીનનું ક્ષેત્રફળ ૯૬,૪૦,૮૨૧ ચોરસ કિલોમીટર છે.

ચીનના પ્રમુખ ભારત આવી ગયા ચીનએ ભારતનો સારો મિત્ર ન હોવા છતાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના એક સીઈઓની જેમ ભારત-ચીન વચ્ચે આર્થિક અને વ્યાપારી સહયોગ વધે તે માટે પ્રયત્ન કર્યો ભારતના વડાપ્રધાન ચીનના પ્રમુખ શી જિનપિંગની મુલાકાત પર આખી દુનિયાની નજર હતી. આમેય આ બંને નેતાઓ શક્તિશાળી છે. બંને પોતપોતાના દેશમાં મજબુત જનાધાર ધરાવે છે. બંને નેતાઓની છબી સુધારાવાદી છે. બંને નેતાઓનું લક્ષ્ય વિકાસ છે ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં નવો અધ્યાય શરુ કરવાનું કામ તો બ્રાઝિલમાં મળેલા બ્રિક્સ સંમેલન વખતે કરવાનું કામ તો બ્રાઝિલમાં મળેલા બ્રિક્સ સંમેલન વખતે જ શરુ થયુ હતુ પહેલી બ્રિક્સ બેન્ક ચીનમાં ખઉવાની છે. અને તેના પહેલા પ્રમુખ ભારતીય હશે ! આ બધુ હોવા છતાં ચીન અને ભારત વચ્ચે કેટલીક વિષમતાઓ પણ છે. ૧૯૫૪માં સહુથી પહેલીવાર એ વખતના વડાપ્રધાન જવાહરલાલ ચીન ગયા હતા. અને પંચશીલના સિદ્ધાંતોને આધાર બનાવી સમજુતી કરી હતી. તે પછી ચીનના વડાચાઉ અને લાઈ ભારત આવ્યા ત્યારે હિન્દી ચીની ભાઈભાઈ એવા સુત્રો પોકાર્યા હતા. અને તે પછી ૧૯૬૨માં ચીને ભારત પર આક્રમણ કરી દીધુ હતુ ભારતનો લાખ્ખો ચોરસ કિલોમીટરનો વિસ્તાર આજે પણ ચીનના કબજામાં છે. સરહદ નક્કી કરવાવાળી મેકમોહન રેખાને ચીન સ્વિકારતુ નથી. છાશવારે ચીની સૈનિકો ભારતીય સીમામાં ઘુસી આવે છે ? ચીન અરુણાચલના ૯૦,૦૦૦ ચોરસ કિલોમીટરના વિસ્તાર પર પણ પોતાનો દાવો કરી રહ્યું છે.

ચીન લાંબા સમયથી પાકિસ્તાનનું મિત્ર રહ્યું છે. પાકિસ્તાનને પરમાણુ ટેકનોલોજી અને મિસાઈલ ટેકનોલોજીથી સજ્જ કરનાર ચીન જ છે. એ સિવાય પણ તે બીજા શસ્ત્રો પાકિસ્તાને આપે છે. પાકિસ્તાન હસ્તકના કાશ્મીરમાં ચીન લાંબી રેલવે લાઈન નાખી રહ્યું છે. ચીન શ્રીલંકા પાકિસ્તાન અને

પટેલ રિપલ ડી.
એસ.વાય.બીબીએ,
બી.પી. કોલેજ ઓફ બીઝનેશ
એડમીનીશટ્રેશન, કડી સર્વ વિદ્યાલય, ગાંધીનગર.

મ્યાનમારમાં પણ બંદર બાંધી રહ્યું છે. ભારત તેને ઘેરાબંધી માને છે. નેપાળમાં પણ ચીનની દરમિયાનગીરી વધી છે. વળી હવે તો તે તિબેટમાં નેપાળની સરહદ સુધી અને ભૂતાન સુધી રેલવે લાઈન નાંખવા માંગે છે. પાકિસ્તાન તેના હસ્તકના કાશ્મીરનો ૫૧૮૦ ચોરસ કિલોમિટર વિસ્તાર ચીનને સોંપીને બેઠું છે. એ જ રીતે ચીને પાંચ દાયકાથી પૂર્વી જમ્મુ-કાશ્મીરમાં અક્સાઈ ચીન પર કબજો કરેલો છે. જેનું ક્ષેત્રફળ ૩૮ હજાર ચોરસ કિલોમીટર થાય છે બીજા શબ્દોમાં એમ કહી શકાય કે ચીની ડ્રેગને ભારતને ચારે બાજુથી ઘેરી રાખ્યું છે.

ભારત અને ચીન વચ્ચે બીજી વિષમતા એ છે કે ચીનનું સંરક્ષણ બજેટ ૧૬૬ અબજ ડોલર છે. જ્યારે ભારતનું સંરક્ષણ ૪૫ અબજ ડોલર છે. ભારત પાસે ૧૩ લાખ ૨૫ હજાર સૈનિકોનું સૈન્ય છે. જ્યારે ચીન પાસે ૨૨લાખ ૮૫ હજાર સૈનિકોનું સૈન્ય છે. ભારતનો વિદેશી મુદ્રિ ભંડાર ૩૧૭.૩૧ અબજ ડોલર છે. જ્યારે ચીનનો મુદ્રા ભંડાર ૩૯૪૮.૫૫ અબજ ડોલર છે. આ આંકડા જોતા ભારતને ચીન સાથે લશ્કરની બાબતમાં કે આરિથ્થિક બાબતમાં મુકાબલો કરવો આસાન નથી.

ચીન સાથેના વેપારી સંબંધોમાં પણ ભારે અસમાનતા છે. ભારત ચીનથી રૂ.૩,૦૯,૨૩,૪૯૬ કરોડની ચીની ભારતમાંથી ચીનમાં થતી નિકાસ રૂ. ૯૦,૫૬,૧૦૯ કરોડની ચીજવસ્તુઓની છે આમ અત્યારનું વેપારી સંતુલન માઈનસ રૂ.૨૧૮,૬૭,૩૮૭ કરોડનું છે.

આ તો ઠીક પણ ચીન પાસે કન્ઝુમન ગુડ્સ બનાવવાના રાક્ષસી કારખાના છે. ચીનથી ભારતમાં ઠલવાતા માલમાં તકલાદી મોબાઈલ ફોન બેટરીઓ, ટેબલેટ અને રમકડાનો પણ સમાવેશ થાય છે. ચીથી આવતી ટાઈલ્સે ગુજરાતના સિરામિક ઉદ્યોગનો લગભગ ખતમ કરી નાખ્યો છે.

ચીનની પતંગ દોરી અને ફટાકડા પર સ્થાનિક વેપારીઓ અને શ્રમિકોની રોજી છીનવી લે તેવા સંજોગો છે. આ કડવી વાસ્તવિકતાઓ છતા આજના સમયની માંગ એ છે કે ચીન સાથે દુશ્મની જારી રાખવી ભારતને પોસાય તેમ નથી ભારત ચીનને લશ્કરી દ્રષ્ટીએ પહોંચી વળે તેમ નથી હા એ બધો જ ભુતકાળ અને એ પ્રશ્નોને બાજુમાં રાખીને ભારતે ચીન પાસેથી નિકાસ વધારવાની બાબતમાં લક્ષ્ય કેન્દ્રિત કરવું પડશે. ચીન પાસે બુલેટ ટ્રેન અને લઘુ ઉદ્યોગ ક્ષેત્રની ટેકનિક છે. ભારત પાસે સોફ્ટવેર છે આ ક્ષેત્રમાં આદાનપ્રદાન કરવુ પડશે ભારતના લઘુ ઉદ્યોગો અને ચીનના લઘુ ઉદ્યોગોમાં આસમાન જમીનનો ફરક છે. ભારતે હવે એવા ક્ષેત્રમાં પ્રવેશવુ જોઈએ જે ક્ષેત્રમાં ચીન પ્રતિસ્પર્ધાત્મકરૂપમાં મોંઘુ થતુ જાય છે. ભારતે તેના લઘુ ઉદ્યોગને ચીનમાં સ્તર પર વિકસિત કરવા પડશે વિશેષ ઔદ્યોગિક પાર્ક બનાવી શકાય તેમ છે. ચીને ઔદ્યોગિક પાર્ક અને ઔદ્યોગિક નગરો ઉભા કરી વિકાસનું આજનું સ્તર પ્રાપ્ત કર્યું છે.

એ જ રીતે આંતરરાષ્ટ્રીય કુટનિતિની બાબતમાં પણ એ વાત સમજી લેવી જોઈએ કે ભારતે જાપાન અને અમેરિકા સાથે સંબંધો વધાર્યા છે. પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તર પર ચીનના આ બંને દેશો સાથે સારા સંબંધો નથી ભારત માટે ચિંતાની વાત એ છે કે જો આપણે ચીનની સરખામણીમાં જાપાન અને અમેરિકાની સાથે જઈએ છીએ તો ચીન તરફ ખતરો વધવાની આંશકા રહે છે. ચીન સાથે દ્વિપક્ષી સંબંધો સ્થિર કરવામાં પણ મુશ્કેલીઓ આવી શકે છે. અલબત આજની તરીખે બોર્ડર પર ગોળીબારની કક્ષાની તારીખે બોર્ડર પર ગોળીબારની કક્ષાની કોઈ સમસ્યા નથી પરંતુ ચીન ગમે ત્યારે ભારતે માટે પડકાર બની શકે છે. ચીનની વ્યુહાત્મક ભાગીદારી માટે પડકાર બની શકે છે. ચીનની વ્યુહાત્મક ભાગીદારી છે. આવા ચાઈનીઝ ડ્રેગનના આર્થિક અને વિસ્તારવાદી ફુંફાળ સામે પહોંચી વળવા ભારતે સાવધ રહેવું પડશે. અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તે પડકારનો સામનો કરવા સક્ષમ છે તે નિઃસંદેહ છે.